## વીર સંવત ૨૪૯૨, ચૈત્ર સુદ ૬, સોમવાર
## તા. ૨૮-૦૩-૧૯૬૬
## ગાથા–૧૫ થી ૧૭ પ્રવચન નં. ૧૩

આ 'ઇષ્ટોપદેશ' 'પૂજ્યપાદસ્વામી'નો 'ઇષ્ટોપદેશ' છે. એમાં પંદરમી ગાથાનો છેલ્લો હિન્દી શ્લોક, પંદર ગાથા.

**दोहा - आयु क्षय धनवृद्धि को, कारण काल प्रमान।**
**चाहत हैं धनवान धन, प्राणनिते अधिकान।।१५।।**

કહે છે કે, લક્ષ્મીના અર્થીઓ આયુષ્ય ઘટતું જાય છે એમ નથી જાણતા પણ લક્ષ્મી આદિ વધે છે એના ઉપર એની નજર છે. સમજાણું? આવું મનુષ્યપણું એ ધર્મના સાધનને માટે જોઈએ એને ઠેકાણે એ લક્ષ્મી મેળવવા માટે આયુષ્યનો કાળ ઘટતો જાય ને એમાં લક્ષ્મી આદિ વધતી જાય છે, દિકરા વધતા જાય છે, કુટુંબ વધતું જાય છે, વ્યાજ વધતું જાય છે એવી એની મૂઢની દૃષ્ટિ છે, એમ કહે છે.

મુમુક્ષુ :– એવી મૂઢની દૃષ્ટિ છે?

ઉત્તર :– મૂઢની દૃષ્ટિ છે. કહો, 'પોપટભાઈ!' આહાહા..! આ દેહમાં મનુષ્યપણું તો આત્મા પુણ્ય-પાપના વિકારના બંધન રહિત સ્વભાવ-સાધન માટે મનુષ્ય દેહ છે. સ્વભાવ-સાધન, બંધન સાધન માટે આ મનુષ્ય દેહ નથી. આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ એને અંતર્મુખમાં બંધનના ભાવ રહિત રુચિ, શ્રદ્ધા, જ્ઞાનથી આત્માનું સાધન કરવું, એ કલ્યાણનો રસ્તો છે એને માટે આ મનુષ્યદેહ છે. એને ઠેકાણે અજ્ઞાની પૈસા કમાવામાં એમ માને છે કે પૈસા વધ્યા અમારે. પણ આયુષ્ય ઘટી જાય છે ને આ કાળ ચાલ્યો જાય છે એવી એને ખબર નથી.

મુમુક્ષુ :– નુકસાન થાય છે કે લાભ થાય છે?

ઉત્તર :– મોટું નુકશાન, હવે આને કેટલું નુકશાન કહેવું? ઇ તો એમ માને છે કે આપણે વધ્યા છીએ. પહેલા નાના હતા ત્યારે આવું નહોતું. આ પૈસે વધ્યા, કુટુંબે વધ્યા, આબરૂએ વધ્યા, લક્ષ્મીએ વધ્યા, મકાને વધ્યા, શામ, ધામ ને ઠામ. 'પોપટભાઈ'! એમ વધ્યા. અહીં આચાર્ય કહે છે, પણ તારું આયુષ્ય ઘટ્યું. ધર્મ તો ઠીક એકકોર રહ્યો. જે મનુષ્યનું આયુષ્ય લઈને આવ્યો છો, જેટલી સ્થિતિ (છે) એ ઘટતી જાય છે, ઘટતી જાય છે. આત્માના કલ્યાણ માટે જે પ્રયોગ કરવો જોઈએ એ તો તું કરતો નથી પણ આ વૃદ્ધિ દેખીને, આયુષ્ય ઘટે છે એ પણ તું જોતો નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? બરાબર હશે કે નહિ?

'મલૂપચંદભાઈ'! શું .... થાય છે માણસને, આપણે દિકરા વધ્યા, આપણે કાંઈ હતું? બાપ પાસે એટલી મૂડી નહોતી, તેમ છોકરા એવું નહોતું. આ બધું પૈસા વધ્યા, બાપ પાસે બે-પાંચ હજારની મૂડી, આપણી પાસે પાંચ લાખ, દસ લાખ, પચ્ચીસ લાખ (થઈ ગયા). છોકરા સારા, મકાનો કર્યા, બે પાંચ લાખના મકાન, આબરૂ, કીર્તિ જામી. શું જામ્યું? ધૂળ, એમ કહે છે. ધર્મનું સાધન તો તેં કર્યું નહિ પણ આયુષ્ય જે પૂર્વે પુણ્યથી લઈને આવ્યો એ ઘટતું જાય અને આ વધતું જાય, એ તારી તે ગણતરી કઈ જાતની? એમ કહે છે. આહાહા..! એય..! એમ હોય ન્યાં 'નાગ્નેશ'માં પણ ઓળખતા હતા. કહો, સમજાણું કાંઈ ? 'મોહનભાઈ'!

પુણ્ય બાંધીને જે આયુષ્ય લઈને આવ્યો છે ઇ આયુષ્ય તો ઘટતું જાય છે. ક્ષણે ક્ષણે ઓછું થતું જાય છે. તું કહે છે કે, આ વધતું જાય છે. પાપ કરીને આ બધું ભેગું થાય એમાં. તારી ગણતરી કઈ જાતની? ધર્મ તો એકકોર રહ્યો એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? ધર્મ તો એક બાજુ રહ્યો.

આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય, ધર્માત્મા (કહે છે) અંતર સ્વરૂપના સાધન કરવાને માટે મનુષ્ય દેહ છે. આ ભવ ભવના અભાવ માટે ભવ છે. સમજાણું કાંઈ? એ ભવના અભાવ માટે કાંઈ કરતો નથી પણ પૂર્વનું પુણ્ય લઈને, જે આયુષ્ય લઈને આવ્યો પચાસ, સાંઈઠ, સીત્તેર, પોણોસો એ આયુષ્ય તો ઘટતું જાય છે અને તું કહે છો કે હું વધું છું. હવે આમાં તારી ગણતરી કઈ જાતની? અમે વધ્યા, પહેલું ક્યાં હતું? હમણાં દસ લાખ થયા, પચ્ચીસ લાખ થયા. 'મૂલપચંદભાઈ' જેવાના છોકરાને કરોડ, બે કરોડ થયા. ધૂળમાં પણ કાંઈ નથી થયા. એય..! 'હિંમતભાઈ'! શું છે આ ?

મુમુક્ષુ :– બન્ને દિકરા વધ્યા, 'મલૂકચંદભાઈ' ક્યાં વધ્યા?

ઉત્તર :– એમ મે ક્યાં કીધું? એના દિકરાની મેં વાત કરી. મેં એમ ક્યાં કહ્યું? 'મલૂકચંદભાઈ'ને કહ્યું નથી. કહો, સમજાણું કાંઈ? ઇ એમ માને કે, આપણે જુઓ ક્યાં હતા? બાપા પાસે કાંઈ નહોતું, ઓછું હતું, થોડા ઘણા હજાર (હતા). આપણે વધાર્યા, આપણી આબરૂ કેટલી વધી ચારે કોર! પણ આ પૂર્વના પુણ્ય લઈને, આયુષ્ય લઈને આવ્યો એ આયુષ્ય તો ઘટી ગયું. ધર્મ તો નથી થયો, ધર્મ તો કર્યો નથી તેં, આત્મા ને રાગ ને પુણ્ય-પાપથી રહિત આત્માની શ્રદ્ધા, આત્મા પુણ્ય-પાપના ભાવ રહિત છે એવી આત્માની શ્રદ્ધા એ ધર્મનું સાધન છે ઇ તો તેં કર્યું નહિ. પણ આ પૂર્વના પુણ્ય લઈને, આયુષ્ય લઈને આવ્યો એ આયુષ્ય પુણ્યનું ઘટતું જાય છે અને તું કહે છે કે, હું વધું છું. આમાં તારી ગણતરી કઈ જાતની? 'પોપટભાઈ'! આહાહા..! ગણતરી તારી અજ્ઞાનની. તને ગજ—માપ કરતાં આવડતાં નથી. કહો, 'જેચંદભાઈ'! બરાબર છે આ?

મુમુક્ષુ :– સાચી વાત છે.

ઉત્તર :– સાચી વાત છે ઇ કે, એ... 'મોહનભાઈ'! આહાહા..!

**'આયુ ક્ષય ધનવૃદ્ધિ કો, કારણ કાલ પ્રમાન'** તું તો એમ કહે છે કે, મારે વધ્યું બહારનું પણ આયુષ્યનો કાળ તો પ્રમાણ ઘટતું જાય છે અને અહીં તું કહે છે વધતું જાય છે પ્રમાણ મારે. આ તારો મેળ કઈ જાતનો? સમજાણું કાંઈ? આહાહા..! સાંઈઠ, સીત્તેર વર્ષ કે જે કંઈ લઈને આવ્યો હોય. સાંઈઠ સીત્તેર તો કેટલાકને હોય નહિતર તો કેટલાક મરી જાય છે બિચારા ત્રીસ, ચાલીસ, પચાસે ચાલ્યા જાય. કહો, સમજાણું? ઇ આયુષ્ય તો જેટલું પૂર્વના પુણ્ય હતા એટલું લઈને આવ્યો છે. ઇ આ પુણ્યને લઈને આયુષ્ય એટલું (છે). આયુષ્ય ઘટવા માંડ્યું. તું કહે કે હું વધવા માંડ્યો. હવે આમાં કરવું શું? પૂર્વના પુણ્ય પણ જે છે એ બળવા માંડ્યા, આયુષ્ય ઘટવા માંડ્યું અને પૂર્વના પુણ્ય જે આ પૈસા-બૈસા વધ્યા એ પુણ્ય પણ બળી ગયા. ઇ નોટ એટલી બળી ગઈ. તું કહે કે વધું છું. તારી ગણતરી કઈ જાતની? બરાબર છે ને? 'મલૂપચંદભાઈ'! બે પુણ્ય ઘટ્યા ને એક અહીં વધ્યું એમ તું માને છો. તારી ગણતરીમાં ફેર છે, કહે છે. આહાહા..! પૂર્વના પુણ્યથી આયુષ્ય મળ્યું એ આયુષ્ય ઘટતું જાય છે, પૂર્વના પુણ્ય હતા જે આ લક્ષ્મી અનુકૂળ બધી મળવી, એ પુણ્ય બાંધેલું હતું, એ ઘટી ગયું, એ બળી જાય છે. તું કહે છે કે, હું વધ્યો. અહીં તો બળ્યું ને ઘટ્યું. એમાં તારી ગણતરી કઈ જાતની છે આ? કહો, બરાબર છે? 'ફાવાભાઈ'!

**'ચાહત હૈં ધનવાન ધન,'** એ ધનવાન તો ધન ચાહે. ધન શબ્દે બધું. પુત્ર, દિકરા, લક્ષ્મી, આબરૂ, કીર્તિ. દસ દસ છોકરા વરાવ્યા સરખા અને કેવા આમ સારે ઘરે. અમારી મૂડી પાસે તો પાંચ પાંચ, દસ દસ લાખ નહિ પણ પચાસ પચાસ લાખ, કરોડ, કરોડમાં વરાવ્યા છે. અને કાંઈ ફેર પાડે તો એના સાસરા પણ એને મદદ કરીને ઉભા રાખે એવું છે. એય..!

મુમુક્ષુ :- ઓથ છે.

ઉત્તર :- એને મોટી ઓથ છે. શેની પણ ઓથ? તારા આ પુણ્ય બળી ગયા શેની ઓથ તું માને છે? આયુષ્ય ઘટતું જાય, પૂર્વના પુણ્ય બળતા જાય. પુણ્ય બાંધેલા. આ વધે બહારની સામગ્રી મળે ને પુણ્ય બળતું જાય છે અંદરમાં અને તું કહે છે કે, હું વધ્યો છું. તારી આ જાતની કેવી ગણતરી છે? ધર્મનું સાધન તો કર્યું નહિ પણ પુણ્યના ઠેકાણામાં પણ તારા ઠેકાણા નથી. પાપ નવા બાંધે, પુણ્ય બળી જાય, આયુષ્ય ઘટતું જાય અને તું કહે છે વધ્યો. આ તારી કેવી ગણતરી? બરાબર 'જમુભાઈ'!

મુમુક્ષુ :- બહારની ...

ઉત્તર :- શું દેખાય છે? ધૂળ. ઇ કહેશે. દેખાય છે. સોજા દેખાય છે બધા સોજા.

**'પ્રાણનિતે અધિકાન'** સમજ્યા ને? **'ચાહત હૈં ધનવાન, પાણનિતે '** પ્રાણ વધારે છે એટલો પાઠ. કહો, એ શ્લોક પંદરમી ગાથાનો હતો. છેલ્લું હતું ને **'ધનિયોંકો જીવન કી અપેક્ષા ધન જ્યાદા અચ્છા લગતા હૈ.'** છે ને? પોતાના આયુષ્ય કરતાં પણ લક્ષ્મી, દિકરા

બહુ પ્રિય લાગે. બાપુ! મને ભલે હોય. ભાઈ! પણ હવે લક્ષ્મી તું પેદા કરતો હોય ને તો બહુ સારું. તું લક્ષ્મી જો પેદા કરતો હોય તો મને સંતોષ છે. મૂઢ છે ને! મને ભલે રોગ હોય ને મને ભલે પ્રતિકૂળતા હોય પણ તું પેદા કરતો હોય અને તને ઠીક હોયને તો મને બહુ ઠીક છે. એમ માને છે કે નહિ? આહાહા..! પોતાના જીવનથી પણ **'ધનિયોંકો ધન જ્યાદા અચ્છા લગતા હૈ.'** બાયડી, કુટુંબ બહુ સારા લાગે છે કે આ ઠીક... આ ઠીક... આ ઠીક... એ વ્યામોહ છે. ઇ વ્યામોહ છે, તારી મૂઢતા છે. એવા વ્યામોહને ધિક્કાર હો. કહો, બરાબર હશે? 'મોહનભાઈ'! પૈસાવાળાને બધાને ઉભા કરીએને જરીક.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– અનાદિનું આવું ને આવું છે. આવી ને આવી મૂઢતા જ કરતો આવ્યો છે અનંતકાળથી. ધર્મ સાધન તો કર્યું નહિ પણ પુણ્ય લઈને આવ્યો એને એટલાપણે રાખ્યા નહિ અને પાપ વધાર્યા અને બહાર મળ્યું એ વૃદ્ધિમાં આયુષ્ય ઘટ્યું ને પુણ્ય ઘટ્યું તો તું કહે છે, વધ્યું. તારી ગણતરીમાં ફેર છે. બહુ ગણતરીમાં ફેર, તારા ગજના માપમાં જ ફેર છે કહે છે. આ 'ઇષ્ટોપદેશ' છે. સમજાણું કાંઈ? હવે શિષ્યે પ્રશ્ન કર્યો.

---

**यहाँपर शिष्यका कहना है कि धन जिससे पुण्यका उपार्जन किया जाता है, वह निंद्य-निंदाके योग्य क्यों है? पात्रोंको दान देना, देवकी पूजा करना, आदि क्रियायें पुण्यकी कारण हैं, वे सब धनके बिना हो नहीं सकती। इसलिये पुण्यका साधनरूप धन निंद्य क्यों? वह तो प्रशंसनीय ही है। इसलिये जैसे बने वैसे धनको कमाकर पात्रादिकोंमें देकर सुखके लिये पुण्य संचय करना चाहिये। इश विषयमें आछार्य कहते हैं -**

**त्यागाय श्रेयसे वित्तमवित्तः संचिनोति यः।**
**स्वशरीरं स पङ्केन, स्नास्यामीति विलिम्पति।।१६।।**

**अर्थ :- जो निर्धन, पुण्यप्राप्ति होगी इसलिये दान करनेके लिये धन कमाता या जोड़ता है, वह `स्नान कर लूँगा' ऐसा ख्यालसे अपने शरीरको कीचड़से लपेटता है।**

**अर्थ :- जो निर्धन ऐसा ख्याल करे कि `पात्रदान, देवपूजा आदि करनेसे नवीन पुण्यकी प्राप्ति और पूर्वोपार्जित पापकी हानि होगी, इसलिये पात्रदानादि करनेके लिये धन कमाना चाहिये', नौकरी खेती आदि करके धन कमाता है, समझना चाहिये कि वह `स्नान कर डालूँगा' ऐसा विचार कर अपने शरीरको कीचड़से लिप्त करता है। खुलासा यह है कि जैसे कोई आदमी अपने निर्मल अंगको `स्नान कर लूँगा' का ख्याल कर कीचड़से लिप्त कर डाले, तो वह बेवकूफ ही गिना जायगा। उसी तरह पापके द्वारा पहिले धन कमा लिया जाय, पीछे पात्रदानादिके पुण्यसे उसे नष्ट कर**

डालूँगा, ऐसे ख्यालसे धनके कमानेमें लगा हुआ व्यक्ति भी समझना चाहिये। संस्कृतटीकामें यह भी लिखा हुआ है कि चक्रवर्ती आदिकोंकी तरह जिसको विना यत्न किये हुए धनकी प्राप्ति हो जाय तो वह उस धनसे कल्याणके लिये पात्रदानादिक करे तो करे।

फिर किसीको भी धनका उपार्जन, शुद्ध वृत्तिसे हो भी नहीं सकता जैसा कि श्रीगुणभद्राचार्यने आत्मानुशासनमें कहा है - `शुद्धैर्धनैर्विवर्धन्ते०'

अर्थ :- `सत्पुरुषोंकी सम्पत्तियाँ, शुद्ध ही शुद्ध धनसे बढ़ती हैं, यह बात नहीं है। देखो, नदियाँ स्वच्छ जलसेही परिपूर्ण नहीं हुआ करती हैं। वर्षामें गँदले पानीसे भी भरी रहती हैं'।।१६।।

दोहा - पुण्य हेतु दानादिको, निर्धन धन संचेय।
स्नान हेतु निज तन कुधी, कीचड़से लिम्पेय।।१६।।

---

**‘યહાંપર શિષ્યકા કહના હૈ કિ ધન જિસસે પુણ્યકા ઉપાર્જન કિયા જાતા હૈ,...’** મહારાજ! તમે એટલી બધી નિંદા ધનની કરો છો શિષ્ય કહે છે. પણ **‘જૈસે પુણ્યકા ઉપાર્જન...’** પૈસા હોય તો પુણ્ય થાય, પૈસા હોય તો દાન કરાય, દેવભક્તિ કરાય, પૂજા કરાય એ બધું કરાય. પૈસા વિના શું કરવું? શું તમે માંડી છે આ? **‘ધન જિસસે પુણ્યકા ઉપાર્જન કિયા...’** એટલું વિશેષ કહે છે, હોં! કે ધનથી ધર્મ થાય એવું નથી કહેતો. એટલી તો એ મર્યાદા રાખે છે. આહાહા..! સમજાય છે? ધનથી કાંઈ ધર્મ થાય એમ તો નથી કહેતો. પણ મહારાજ! આ પાંચ-પચ્ચીસ લાખ ધન-બન હોય તો પુણ્ય કરીએ. **‘વહ નિંદ્ય-નિંદાકે યોગ્ય ક્યોં હૈ?’** એવી નિંદાને યોગ્ય કેમ કહો છો તમે? **‘પાત્રોંકો દાન દેના,...’** મહા સાધુ, મહા પાત્ર હોય આપણી પાસે લક્ષ્મી હોય તો દાન દઈએ, લક્ષ્મી હોય તો દાન દઈએ અને એ લક્ષ્મીની તમે નિંદા કરો છો. બરાબર માંડી છે ને તમારી બધી? ઇ ન્યાં ઊંચો થાય એવો નથી.

**‘પાત્રોંકો દાન દેના,...’** સમજ્યા? સારા કોઈ ગરીબ માણસ હોય એને કરુણાથી દાન દેવું, સાધુ-ધર્માત્મા હોય એને દાન દઈએ. પૈસા હોય તો દાન દેવાય, પૈસા વિના શું દેવાય ? શિષ્ય કહે છે. અને એ પૈસાની તમે નિંદા કરો છો. **‘દેવકી પૂજા કરના,...’** આ મંદિર કરાય, ભક્તિ કરાય, પૂજા કરાય, પ્રભાવના કરાય, પાંચ-દસ લાખ ખર્ચીને મોટા મંદિરો, મોટા વરઘોડા, હાથી નીકળે. શું કહેવાય પેલા? ગજરથ, ગજરથ. કહો! એવા નીકળે. પૈસા હોય તો આ બધું થાય. તમે તો કહો પૈસા ખોટા, પૈસા ખોટા. ક્યાં વધશે? તમારે પૈસા ખોટા કરવાં છે. ‘ન્યાલભાઈ’! દેવની પૂજા થાય, લ્યો! ભગવાનની પૂજા થાય. સાધારણ બીજો કરતો હોય ને પલો મોટી મોટી પૂજા (કર). મણી રત્નના દિવા ને આમ મોટા ભંડાર ને રૂપાના, ચાંદિના ચારેકોર... સમજ્યા ને? મૂકે. ભગવાનની પાછળ આમ, આમ... ઓહોહો..!

પાંચ પાંચ લાખ રૂપિયા ખર્ચે. ચૌદ લાખ ખર્ચ્યાં, જુઓ! હમણાં 'લાડનૂ'માં. 'ગજરાજ', 'ગજરાજ' એના બાપના નામના ચૌદ લાખ, એક મંદિર. ચૌદ લાખથી વધારે ખર્ચ્યાં છે. આ 'ગજરાજ' નહિ? આ 'વચ્છરાજજી', 'વચ્છરાજજી', 'ગજરાજજી' ત્રણ ભાઈઓ વચ્ચે એના બાપનું નામ, બાપના નામનું મોટું મંદિર પંદર લાખ, સોળ લાખનું કરશે. આ હમણાં (સંવત) ૨૦૧૪ ની સાલમાં.

પૈસા હતા. હવે હતા શું? અત્યારે બિચારા કેદમાં પડ્યા છે. 'ગજરાજ' ને એનો દીકરો કેદમાં પડ્યા છે અત્યારે. ક્યારે છુટશે એનો મેળ નથી અત્યારે. રાજનો ગુનો થયો છે. એમ માને છે. કરોડપતિ માણસ છે. વીસ વીસ વર્ષ પહેલા કેટલાય આવ્યા, હવે અત્યારે શું? આહાહા..! કહે કે બાપ-દિકરાને એક જગ્યાએ નહિ. કેદમાં બાપ જુદો ને દીકરો જુદો. આ કરોડપતિ માણસો. શું કરે? અહીંયાં પાપનો ઉદય આવશે એટલે આમ થાશે કહે છે. એ કાયમ નહિ રહે તારું. તું જાણે કે મારા પુણ્યના ઉદયનો ઠાઠ છે પણ એ સંધ્યાનો રાગ છે. બધું વિખાય જાશે ફડાક દઈને, કાંઈ નહિ રહે. મફતનો શેનો એના વિશ્વાસે રહે છો? એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

મહારાજા! લક્ષ્મીની એટલી બધી નિંદા રહેવા દો. પાત્રને દાન દેવાય, દેવની પૂજા થાય, સાધર્મીને જમાડાય, સંઘ જમાડાય. એય...! 'મલૂપચંદભાઈ'! આદિ શબ્દ છે કે નહિ? ભક્તિ કરાય, મોટા વરઘોડા નીકળે, વળી પાંચ પચ્ચીસ લાખ ખર્ચીને મોટી શોભા પ્રભાવના... પ્રભાવના... આમ નીકળે. જુઓ! પૈસા હશે તો 'અમદાવાદ'માં મંદિર થાય. સમજ્યા ને? સારામાં સારું મંદિર કરવું એમ વળી 'રામજીભાઈ' કહે, લ્યો! પૈસા હોય તો થાય. તમે પૈસાની માંડી નિંદા ને પૈસા વિના આ બધું થાય નહિ અને એનાથી અમારે પુણ્ય થાય. ઇ તમે શું માંડી છે આ?

**'આદિ ક્રિયાયેં પુણ્યકી કારણ હૈં,'** અરે...! કોઈ ધર્મી કરતો હોય એને આપણે લાણી કરીએ, પતાસા વહેંચીએ, સાકર વહેંચીએ, રૂપિયા આપીએ, કોઈ ધર્માત્મા બિચારા ધર્મ કરતા હોય તો જાવ બબ્બે પાંચ હજાર તમને લાણી આપીએ છીએ, કરો. પૈસા હોય તો પુણ્ય થાય કે તે વિના થાતા હશે?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પણ અહીં છે કે નહિ આમાં? જુઓ! આદિ છે કે નહિ? ઇ આદિમાં બધું ઘણું સમાય છે. ગરીબ માણસને લુગડા દેવાય, ગરીબને અનાજ દેવાય, પૈસા હોય તો દેવાય. કહો, સમજાણું? એય..! પૈસા વિના શું કરવું? કહો. પણ શિષ્યે એટલું કહ્યું છે આ પૈસા હોય તો પુણ્ય થાય, પૈસાથી ધર્મ થાય એટલો તો પ્રશ્ન નથી કર્યો. ધર્મ તો આત્માથી થાય, પૈસાથી થાય નહિ. સમજાય છે કાંઈ? એટલો તો શિષ્ય જરી હજી ખ્યાલવાળો છે.

**'વે સબ ધનકે વિના હો નહીં સકતી.'** મહારાજ! આ પૈસા વિના થાય? કહો! જુઓને! અડ્યું રહે છે કે નહિ? ત્યાં અત્યારે ત્રણ ત્રણ વર્ષ થઈ ગયા એના મુહૂર્તને, તોપણ હજી

શરૂ થાતું નથી. પૈસા વિના છે ને એ બધું? દરકાર કરી નથી, બીજા કામમાં કેમ પૈસા ખર્ચે છે. એય..! **'ઇસલિયે પુણ્યકા સાધનરૂપ ધન નિંદ્ય ક્યોં?'** એ તો પુણ્યનું સાધન છે. લક્ષ્મી હોય તો પુણ્ય થાય, આવા દાન થાય, ભક્તિ થાય, મંદિરો કરાવાય, સમજાય છે? સ્વાધ્યાય મંદિર થાય. લ્યો! બ્રહ્મચારી બહેનોને માટે રહેવાના સ્થાન થાય. એને આજીવિકા દેવાય, પૈસા હોય તો દેવાય. પૈસા વિના તમે કહો કે આમ પૈસા નિંદ્ય છે... નિંદ્ય છે... નિંદ્ય છે.

**'એ પુણ્યકા સાધનરૂપ ધન નિંદ્ય ક્યોં? વહ તો પ્રશંસનીય હી હૈ.'** આ બધા કાર્ય તો પ્રશંસનીય છે અને એ કાર્ય ધન વડે થાય છે. તો ધનની નિંદા શું કરવા (કરો છો)? ધનની પ્રશંસા કરો. એય..! **'ઇસલિયે જૈસે બને વૈસે ધનકો કમાકર..'** જેમ બને તેમ ઘનને કમાઈને **'પાત્રાદિકોંમેં દેકર સુખકે લિયે પુણ્ય સંચય કરના ચાહિયે.'** ભવિષ્યમાં સ્વર્ગ આદિ મળે, ધૂળ મળે આદિ એને માટે આ પુણ્ય સંચય કરવું એમ શિષ્ય કહે છે. **'ઇસ વિષયમેં આચાર્ય કહતે હૈં.'** સાંભળ. હવે એનો ઉત્તર આપે છે.

**त्यागाय श्रेयसे वित्तभवित्तः संचिनोति यः।**
**स्वशरीरं स पङ्केन, स्नास्यामीति विलिम्पति।।१६।।**

**'અર્થ :– જો નિર્ધન,...'** પહેલા પૈસા નથી. હવે **'પુણ્યપ્રાપ્તિ હોગી ઇસલિયે દાન કરનેકે લિયે...'** આપણે દાન કરવું છે. દાન કરવા માટે **'ધન કમાતા હૈ.'** દાન કરવા માટે પૈસા કમાય છે. દાન કરવા માટે, પૂજા કરવા માટે, મંદિર કરવા માટે **'પૈસા કમાતા યા જોડતા હૈ,...'** ભેગા કરે છે. ભેગા કરો તો એકસાથે દાનમાં કામ આવશે. **'વહ 'સ્નાન કર લૂઁગા' એસે ખ્યાલસે અપને શરીરકો કીચડસે લપેટતા હૈ.'** પછી સ્નાન કરી લઈશ, પહેલો કીચડમાં લપેટી લઉં. કાદવથી શરીરને મેલુ કરું. પહેલું મેલુ કરું પછી હું સ્નાન કરી લઈશ. એમ ધન કમાવું એ તો મેલુ શરીર ને પાપ કરવા જેવું છે. ધન કમાવાનો ભાવ જ પાપ છે. પાપ વિના ધન કોઈ દિ' કમાય નહિ. તો મેલા શરીર કરી અને પછી સ્નાન કરી પુણ્ય ક્રિયા કરશે. સમજાય છે ને? પછી પૈસા મળશે તો આંખો ચડી જાશે બીજે (રસ્તે). સમજાણું કાંઈ? અને દસ લાખ રૂપિયા હોય તો ઇ પછી પાંચ દસ હજાર ખર્ચે ત્યાં તો ઓહોહો..! બહુ ખર્ચ્યા. શું ધૂળ ખર્ચી હવે તેં? પછી ઇ થઈ જશે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :–

ઉત્તર :– પછી લક્ષ્મીનો મદ ચડી જાય. પૂર્વના પાપ છે કે નહિ. પાપને લઈને અંદર અભિમાન છે. એવા પુણ્ય કરેલા–પાપાનુંબંધી પુણ્ય કે એ પુણ્યમાં જે અહીં મળ્યું ત્યાં અભિમાન થઈ જાય. આહાહા..! અમે કર્યું. જુઓ! પુણ્ય કરીએ છીએ. બીજાને કીધા કરે છે. અમે પુણ્ય કરીએ, જુઓ! પુણ્યવાનની પહેલી ખુરશી. અમે હોય તો ધર્મ શોભે, પુણ્યવાળાને લઈને ધર્મ શોભે. પણ નિર્ધનથી શું શોભતા'તા? એય..! એમ અજ્ઞાનીને અભિમાન થાય.

હવે લક્ષ્મીવાળા કરોડોપતિઓ, એને મોઢા આગળ બોલાવે, લ્યો! સાધુ મહારાજ પણ બોલાવે. આવો આવો, ભાઈ! આવો આવો. લાખ બે લાખ કાઢશે તો વળી ... આવો આવો, ભાઈ! લખાવો આમાં લખાવો. તમે તમારી શક્તિ પ્રમાણે લખાવો. મહારાજ બોલાવે એટલે શક્તિ પ્રમાણે લખાવવું જ પડે. કહો, સમજાણું આમાં? કહે છે પણ કમાવાનો ભાવ એ જ પાપ છે. હવે સાંભળને! લક્ષ્મી રળવાનો ભાવ જ ધંધો, વેપાર કરવો એ જ પાપ છે. આહાહા..!

મુમુક્ષુ :– હેતુ ફેર છે.

ઉત્તર :– હેતુ ફેર, પાપનો ફેર. શું હેતુ? ધૂળનો ફેર છે. પછી પુણ્ય કરશે, એમ હેતુ ફેર છે. ગાય મારીને કુતરા ધરવા જેવું છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

**'ઐસે ખ્યાલસે અપને શરીરકો કીચડસે લપેટતા હૈ.'** એ મૂર્ખ છે, એમ કહે છે. મોટો મૂર્ખ છે. આહાહા..! પાપ કરું પૈસા માટે, રળું પછી આપણે દેવપૂજા ને ભક્તિમાં પુણ્ય કરશું. મૂર્ખ છો મોટો. કહેશે થોડું. પહેલા પૈસા-બૈસા પૂર્વ પુણ્યથી સહેજે મળી ગયા હોય અને એમાં કોઈ દયા, દાન, ભક્તિ, પૂજામાં ખર્ચે તો પુણ્યભાવ થાય, ધર્મ નહિ, ધર્મ તો નહિ. આહાહા..! સમજાણું? દેવપૂજા કે દાન આદિમાં ધર્મ તો નહિ. પૂર્વ પુણ્યથી મળ્યા, સહેજે મળી ગયા. કમાઉ ને આનાથી પછી કરીએ એમ નહિ. પુણ્યથી મળી ગયા તો એમાંથી રાગ ઘટાડીને પૂજા, દેવભક્તિ, દયા, દાનમાં એવી પ્રભાવના કરે તો એ પુણ્ય નવું થાય. સમજાય છે? પણ એના હેતુથી કમાય તો પાપ થાય. આખા આ શરીરને કીચડમાં લગાવે છે પછી સ્નાન કરીશ. કે દિ' એનો આરો આવશે? અને તે પણ પાછું લક્ષ્મી થયા પછી પણ આંખોં બીજે વળી જાશે જાજા થાશે એટલે. એનો ખર્ચવાનો અમુક જ સ્થિતિનો ભાવ થાય. સમજાણું કાંઈ? દસ લાખમાં પણ અમે હંમેશા પણ આમ ખર્ચીએ છીએ, હજાર, બે હજાર બાર મહિના કાયમ ખર્ચીએ છીએ. હજાર બે હજાર... પાપ કેટલા કરે છે? એમાં તારા હજાર બે હજાર શું છે? સમજાણું કાંઈ ? એકવાર પાંચ હજાર આપ્યા હોય તો બસ થઈ ગયા. ઓહોહો..! શું થયું પણ હવે? હંમેશા પાપ કરે છે ને! દરરોજનું પાપ તારું. કર સરવાળો બાર મહિનાનો. બરાબર હશે આ ?

**'વિશદાર્થ :– જો નિર્ધન એસા ખ્યાલ કરે કિ "પાત્રદાન, દેવપૂજા"'** મહારાજે લીધું છે તો બહુ સરસ. જુઓ! સારા પાત્રને દાન દઈએ, એમના આશીર્વાદ મળે, આપણને પુણ્ય થાય, એમ કરતાં કરતાં વળી પરંપરાએ ધર્મ પણ થાય. દેવપૂજા કરીએ, ભક્તિ કરીએ, પ્રભાવના કરીએ, વરઘોડા મોટા કાઢીએ, વર્ષીતપને ઉજવીએ. લ્યો! આ લોકોને હોય છે ને? વર્ષીતપ આમાં તો નથી. **'આદિ કરનેસે નવીન પુણ્યકી પ્રાપ્તિ ઔર પૂર્વોપાર્જિત પાપકી હાનિ હોગી,...'** જુઓ! શિષ્ય કહે છે, શિષ્ય પ્રશ્ન કરે છે. નિર્ધન એસા ખ્યાલ કરે... ઉત્તર આપે છે, **'પાત્રદાન, આદિ કરનેસે નવીન પુણ્યકી પ્રાપ્તિ ઔર પૂર્વોપાર્જિત પાપકી હાનિ હોગી, ઇસલિયે પાત્રદાનાદિ કરનેકે લિએ ધન કમાના ચાહિયે,'** એમ શિષ્ય કહે છે. પોતાની

અભિલાષા બહાર મુકે છે.

**'નૌકરી ખેતી આદિ કરકે ધન કમાતા હૈ,...'** લ્યો! નોકરીમાં પણ પાપ છે, ખેતીમાં પણ પાપ છે, ધંધામાં ક્ષણે ક્ષણે પાપ છે. કોઈપણ ધંધો (હોય). પાપનો ધંધો હશે કે એમાં કાંઈ થાતુ હશે?

મુમુક્ષુ :– ..

ઉત્તર :– ક્યો પાપ નિસ્વાર્થ? કાપડનો ને ઇ? કાપડનો. આ મમતા છે ને તારી? સમજે નહિ. આમ કરું ને પાંચ લાખ રાખુ ને પછી આમ ખર્ચ થાય ને આમ થાય. બધું પાપ જ છે. આ છાપખાનામાં નિષ્પાપી પાપ હશે કે નહિ ધંધો? 'જમુભાઈ'! એ પાપ છે. કમાવાનો ભાવ જ પાપ છે. દુકાને બેસીને રળવું એ જ પાપ છે. નવું પાછું બીજું શું છે? આહાહા..!

મુમુક્ષુ :– છોકરાને ભણાવવાનો?

ઉત્તર :– ભણાવવાનો ભાવ પાપ છે. ભણાવવામાં શું છે ન્યાં? પાપ કરશે ને પછી આ કરશે. બધો પાપ જ ભાવ છે. આ સારું કરશે ને છોકરા કરશે ને છોકરાના લગન કરવા ને એને પછી.. સમજ્યા ને? બે પાંચ હજાર ખાનગી આપવા ને પછી આ તારે જો આટલા છુટ ખર્ચવાના. બધું પાપ છે. સમજાય?

**'નૌકરી ખેતી આદિ કરકે ધન કમાતા હૈ, સમઝના ચાહિયે કિ વહ 'સ્નાન કર ડાલૂંગા' એસા વિચાર કર અપને શરીરકો કીચડસે લિપ્ત કરતા હૈ.'** કાદવ લિપે છે, ચીકણો કાદવ.

મુમુક્ષુ :– પછી તો નવાયને પાછું?

ઉત્તર :– પછી નહિ નવાય. મરી જશે એમાં ને એમાં. એ વિચારે રહે છે એ મૂર્ખ છે કહે છે.

**'ખુલાસા યહ હૈ કિ જૈસે કોઈ આદમી અપને નિર્મલ અંગકો 'સ્નાન કર લૂઁગા'** નિર્મળ અંગને પહેલા મેલ લગાડે છે, પછી સ્નાન કરીશ. **'કા ખ્યાલ કર કીચડસે લિપ્ત કર ડાલે,'** કીચડ કાદવથી શરીરને મેલું કરે **'તો વહ બેવકૂફ હી ગિના જાયગા. ઇસી તરહ પાપકે દ્વારા પહિલે ધન કમા લિયા જાય, પીછે પાત્રદાનાદિકે પુણ્યસે ઉસે નષ્ટ કર ડાલૂંગા, એસે ખ્યાલસે ધનકે કમાનેમેં લગા હુઆ વ્યક્તિ ભી (બેવકૂફ) સમઝના ચાહિયે.'** એમ કહે છે. એની સાથે કીધું ને? **'વ્યક્તિ ભી...'** એને માટે જાણું જાણું એ પણ બેવકૂફ છે. આહાહા..! ઘણા એવા હોય છે, અમારે પાંચ લાખની બંધી તો છે પણ હવે વધે ને ઇ બધું દાનમાં ખર્ચશું. પણ ધંધો શું કરવા માંડ્યો તેં આ પાપનો? પાંચ લાખથી અમારે વધારે ખપતા નથી પણ જેટલા વધારે આવે ઇ દાનમાં નાંખી દઈએ, દાનમાં નાંખી દઈએ. અરે..! પણ ખપતા નથી, ને આ પાપ કરીને ખર્ચે એ તારી રીત જ ખોટી છે. સમજાણું કાંઈ? એમ થાય છે કે નહિ? 'ધરમચંદજી'! હા, હા એવા હોય છે. અમારે ત્યાં ... એટલા બધા ઘણા સાંભળેલા. ઘણે ઠેકાણે કેટલામાં હોય કે આપણે બંધી તો એટલી છે તો હવે વેપાર વધી

ગયો, પેદાશો વધી ગઈ. કરવું શું?

મુમુક્ષુ :– બૈરાંના નામે કરી દે છે.

ઉત્તર :– બૈરાના નામે કરે એ તો ઠીક. તમારે તો બૈરા મરી ગયા છે. એને નામે કરે, છોકરાને નામે કરે, ભાગ પાડી દે એમ કરીને અમારે તો ભઈ પચ્ચીસ હજારથી વધારે ખપતું નથી પણ આ લાખ લાખની પેદાશ વધી ગઈ એટલે છોકરાને નામ ખર્ચી નાંખીએ, બાર મહિને ખર્ચી નાંખીએ. પણ પાપ કરીને ધંધો કરવો એ તારું પાપ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ડૉકટરનો ધંધો ને વકીલનો ધંધો સારો ને?

ઉત્તર :– ડૉકટર, વકીલનો પણ મોટો પાપ છે. ઇ પહેલા મુકતા. સાંઈઠ મુક પહેલા. કહેશે. ચાલીસ ચાલીસ મુક પહેલા, એક કલાક સાંઈઠ મીનીટના, પછી વાત કરું. પાપ હશે કે શું હશે ઇ? એની ગરજ એને, અને આને પાપ. એની એને ગરજ પૈસા દેવાની એને ગરજ પણ આને શું ભાવ (છે)?

મુમુક્ષુ :– ....

ઉત્તર :– ભલે ઇ ન કહે, પણ મારે વાત કરવી છે, તારે જેમ... પણ ઇ ભાવ શેનો છે? રળવાનો ભાવ છે કે પાપનો છે કે પુણ્યનો છે? પાપનો. છોકરાને ભણાવવાનો ભાવ ક્યો હશે? આ માસ્તર ભણાવે ઇ? બધું પાપ?

**'બેવકૂફ હી ગિના જાયેગા. ઇસી તરહ પાપકે દ્વારા પહિલે ધન કમા લિયા જાય,'** પાપથી ધન કમાવું પછી **'પીછે પાત્રદાનાદિકે પુણ્યસે ઉસે નષ્ટ કર ડાલૂંગા, એસે ખ્યાલસે ધનકે કમાનેમેં લગા હુઆ વ્યક્તિ ભી સમઝના ચાહિયે.'** લ્યો! **'સંસ્કૃત ટીકામેં યહ ભી લિખા હુઆ હૈ...'** લખ્યું છે, **'यस्य तु चक्रवर्त्यादे'** આદિ છે ને? **'કિ ચક્રવર્તી આદિકોંકી તરહ...'** ચક્રવર્તી હોય ને? મહા બળદેવ આદિ ચક્રવર્તી. પૂર્વના પુણ્યથી ઢગલા આવી ગયા એને. એ લોકોને કમાવું પડતું નથી, બહુ પુણ્ય. પૂર્વના એટલા પુણ્ય હોય, ઢગલા! એક એક દિવસના અબજોની પેદાશ. એટલા તો ચક્રવર્તીના ઘરે નવ નિધાન હોય. કહે છે, એવી લક્ષ્મી આદિ કોઈ પૂર્વના પુણ્યને કારણે મળી ગઈ, બીજા કરોડોપતિ કે એને પણ.. **'જિસકો વિના યત્ન કિયે...'** પુરુષાર્થ કાંઈ કર્યો ન હોય કાં એકલો વારસો એવો મળી ગયો કાં ક્યાંકથી ભંડાર મળી ગયો. સમજાય છે? પાંચ પચ્ચીસ લાખના હીરા નીકળી ગયા, ક્યાંક સોનું નીકળી ગયું. દાટ્યું પડ્યું હોય એ પુણ્યને લઈને નીકળી ગયું. તો કહે છે ઉસ **'ધનકી પ્રાપ્તિ હો જાય તો વહ ઉસ ધનસે કલ્યાણકે લિયે પાત્રદાનાદિક કરે તો કરે.'** એ પૈસાને પુણ્યને માટે (ખર્ચે). કલ્યાણ શબ્દે અહીં પુણ્ય છે. પુણ્યને માટે પાત્ર દાનાદિ કરે તો કરો. પૂર્વના પુણ્યથી સહેજે લક્ષ્મી મળી ગઈ હોય અને એમાંથી પછી તારે દાન-પુણ્ય માટે કરવું હોય તો બહાર રાગ ઘટાડ, પણ પાપ કરી કમાવું ને પછી દાન કરવું એ ધંધો સાચો નથી. એ પુણ્યનો પણ સાચો નથી ધર્મનો તો છે નહિ.

મુમુક્ષુ :– દાન કરે એના કરતા પાત્રદાન કરે....

ઉત્તર :— ઇ ખોટું, ઇ જ ખોટું છે એમ કહે છે. પાપ કરીને દાન કરવું એનો શું અર્થ? પાપ કરવું જ પહેલું ખોટું છે. પછી દાન કરવાનો ભાવ પાછો રહેશે કે નહિ? મરતા પહેલા શું થાશે એની શી ખબર એને? સમજાણું કાંઈ? પહેલું ઝેર ખાઈ લઉં પછી હું જીવીશ તો ફલાણું કામ કરીશ એનો અર્થ શું? સમજાણું કાંઈ? અહીં તો 'ઇષ્ટોપદેશ' એ છે. લક્ષ્મી મળી હોય પૂર્વના પુણ્યને લઈને વધારે પાપ વિના સહેજે મળી ગઈ હોય. ઘણાને મળી જાય છે ને એવી? વારસો મળી જાય તો કહે છે એમાંથી દાન-પુણ્ય આદિમાં ખર્ચ. રાગ ઘટે એટલું પુણ્ય થશે, ધર્મ-બર્મ તો નથી. પૂજા, ભક્તિ, મંદિર બંધાવવા દાન કરવા, દયા કરવી એ કાંઈ ધર્મ તો નથી.

મુમુક્ષુ :– એ પુણ્ય તો

ઉત્તર :– એ પુણ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? ધર્મ તો આત્મામાં પુણ્ય-પાપના રાગ વિના ચૈતન્ય શુદ્ધ આનંદની દૃષ્ટિ ને જ્ઞાન કરવું એનું નામ ધર્મ છે. આહાહા..! સમજાણું કાંઈ? ક્યાં સ્થાપે છે અત્યારે? ઇ પુણ્યની વાતમાં જ આ છે.

**'ફિર કિસીકો ભી ધનકા ઉપાર્જન, શુદ્ધ વૃત્તિસે હો ભી નહીં સકતા...!'** જુઓ! શું કહે છે? લક્ષ્મીનું ઉપાર્જન શુદ્ધ ભાવથી થતું જ નથી, પાપ ભાવથી જ થાય છે એમ કહે છે. કોઈપણ માણસ એમ દાવો કરે કે આ લક્ષ્મી મેં સારા ભાવથી કરી છે, એ દાવો તારો ખોટો છે. લક્ષ્મીનું રળવું જ પાપ છે એમ કહે છે. સમજાણું કાંઈ? અમારો નીતિ હેતુ બીજો હતો, રળવાનો હેતુ અમારો બીજો હતો, નૈતિક અમારી જિંદગીમાં જીવવું એવો હેતુ હતો, ફલાણું હતું. કહે છે કે, નહિ. સમજાણું? **'ધનકા ઉપાર્જન...'** એમ બાયડી, છોકરા, કુટુંબ બધાનું, હોં! **'શુદ્ધ વૃત્તિસે હો ભી નહીં સકતા જૈસા કિ શ્રી ગુણભદ્રાચાર્યને આત્માનુશાસનમેં કહા હૈ - 'શુદ્ધૈર્ધનૈર્વિવર્ધન્તે૦''**

**'અર્થ :– સત્પુરુષોંકી સમ્પત્તિયાં, શુદ્ધ હી શુદ્ધ ધનસે બઢતી હૈં, યહ બાત નહીં હૈ.'** દેખો! ધર્માત્મા જીવને પણ લક્ષ્મી વધે એ પાપથી વધે છે, પુણ્યથી નહિ. પુણ્ય ભાવથી નહિ. સારા ભાવ છે ને પુણ્ય પૈસા મળ્યા છે એમ છે? આહાહા..! **'સત્પુરુષોંકી સમ્પત્તિયાં, શુદ્ધ હી શુદ્ધ ધનસે બઢતી હૈં, યહ બાત નહીં હૈ. દેખો, નદિયા સ્વચ્છ જલસેહી પરિપૂર્ણ નહીં હુઆ કરતી હૈં.'** શું કહે છે? ચોમાસામાં ચારેકોર ડોળા પાણી ભરે ત્યારે નદી ભરાય. એકલા ઉજળે પાણીએ, હળવા પાણીએ, સ્વચ્છ પાણીએ નદી ન ભરાય એમ કહે છે. નદી આવે ને? ચોમાસામાં વરસાદ ચારેકોર (થાય ત્યારે). અમારે તો નદી બહુ જોઈ છે ને કાળુભારમાં. એવા પાણી વાંસ, બે બે વાંસ, હોં! ચારેકોરના પાણી પણ ડોળા. એ ડોળે પાણીએ નદી ભરાય, કાંઈ સ્વચ્છ પાણી, ચોખ્ખા પાણીએ આવીને નદીયું ભરાય પહેલી એમ હોય નહિ. એમ પૈસા પાપે પેદા થાય એમ કહે છે. 'કાળીદાસભાઈ'!

ઇ 'કાળીદાસભાઈ' કહેતા હતા કે કોઈ એમ કહે કે, અત્યારે એકદમ પચ્ચીસ-પચાસ લાખના આસામી થઈ ગયા અને સીધા પુણ્યથી થઈ ગયા માયા-બાયા, કાળાબજાર કર્યા વિના, તો એવું અત્યારે નથી. આ લક્ષ્મી વધી ગઈ. કો'કને હોય સાધારણ બે, ચાર લાખ થાય એ જુદી વાત પણ એકદમ પચ્ચીસ-પચાસ લાખ થઈ ગયા અને અમે અમારા ધંધાથી કર્યા. અંદર કાળાબજાર ને કાંઈ ગોટા હોય ત્યારે થાય. પાંચ-પચ્ચીસ હજારની પેદાશ હંમેશાં હોય ને બે-પાંચ લાખ, દસ લાખ થઈ ગયા એ જુદી વાત છે. પણ એકદમ થઈ ગયા પચાસ લાખ, કરોડ બે વર્ષમાં! કાંઈક ગોટો હશે અંદર.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પુણ્ય ભેગુ નહિ, બળી ગયું પુણ્ય. એને બહારના કાંઈ કપટ પ્રપંચ હતા એમ કહે છે. કાંઈ ચોર્યું હોય, દાણચોરી હોય, કાંઈ કાળાબજાર હોય, કાં કાંઈક હોય, ગુપ્ત હોય, નામાના ચોપડા ફેરવ્યા હોય. કાંઈક તો ગોટા હોય ત્યારે વધે એમ કહે છે. 'કાળીદાસભાઈ'! ઇ તો કહે છે, ગૌણ કરવી. તારા પાપ માટે કર ગૌણ તું. કોઈને લક્ષ્મી પાપ વિના ભેગી થાય એ વાત છે જ નહિ. નદી ડોળા પાણી વિના એકલા સારા પાણીએ બે કાંઠે ભરાય એમ હોય નહિ એમ કહે છે. ઇ બરાબર છે? દાખલો બહુ સરસ આપ્યો છે. નદીમાં બે પુર આવે ને પાણી? ઇ ચોખ્ખા પાણીથી આવતા હશે ક્યાંકથી?

ચોખ્ખા પાણી ક્યાં હતા ન્યાં માથે? વરસાદના (આવે) ને બધો ડોળ ભેગો થઈને એમ થઈને આમ બે કાંઠે ઉછળે, મેલા પાણી હોય આહાહા..! **'દેખો, નદિયાં સ્વચ્છ જલસેહી પરિપૂર્ણ નહીં હુઆ કરતી હૈં.'** દાખલો પણ કેવો આપ્યો આચાર્યે! સમજ્યા ને? 'આત્માનુશાસન' છે, હોં! **'વર્ષામેં ગંદલે પાનીસે ભી ભરી રહતી હૈં'** જુઓ! વર્ષાકાળમાં બે કાંઠે નદી ભરાય ઇ મેલા પાણીથી ભરાય. બધું મેલું ચારેકોરથી ભેગું થાય ને! બધું મેલું. માટી માટી બધું મેલું હોય. ઇ કાંઈ તરત ગળીને પીવાય નહિ એવું પાણી હોય. દાખલો વર્ષાકાળનો આપ્યો, હોં!. અમસ્તો વરસાદ ક્યાંથી આવે? વરસ્યા વિના તો. **'વર્ષામેં ગંદલે પાનીસે ભી ભરી રહતી હૈં.'** સારા પાણીથી નદી ભરાય નહિ એમ જગતના પૈસા સારા પુણ્યથી ભેગા થાય એટલે સારા ભાવથી ભેગા થાય નહિ, પાપ ભાવથી જ ભેગા થાય. બરાબર હશે?

**दोहा - पुण्य हेतु दानादिको, निर्धन धन संचेय।**
**स्नान हेतु निज तन कुधी, कीचड़से लिम्पेय।।१६।।**

**'પુણ્ય હેતુ દાનાદિકો,..'** પુણ્યને માટે, દાનને માટે, પૂજા-ભક્તિ માટે નિર્ધન ધનનો સંચય કરે, લક્ષ્મી એકઠી કરે. **'સ્નાન હેતુ નિજ તન કુધી,'** જેની બુદ્ધિ ભ્રષ્ટ છે એવો તનને મેલું કરી ને પછી સ્નાન કરી લઈશ એવા કીચડથી લપેટે છે, એવો ઇ બુદ્ધિ કુબુદ્ધિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? અહીં તો દાન-પૂજા માટે પણ તું પાપ કરીને કર એની

ના (કહે છે). દાન-પૂજા છે એ તો પુણ્યભાવ છે, વર્તમાન કરે ઇ અને ધર્મ તો એ દાન-પૂજાના ભાવ અને રળવાના પાપભાવ એનાથી રહિત આત્માની શ્રદ્ધા, જ્ઞાન કરે તો ધર્મ થાય. એ સિવાય ધર્મ-બર્મ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? સોળ (ગાથા પૂરી) થઈ.

---

उत्थानिका :- फिर शिष्य कहता है कि भगवन्! धनके कमानेमें यदि ज्यादातर पाप होता है, और दुःखका कारण होनेसे धन निंद्य है, तो धनके विना भोग और उपभोग भी नहीं हो सकते, इसलिये उनके लिये धन होना ही चाहिये, और इस तरह धन प्रशंसनीय माना जाना चाहिये। इस विषयमें आचार्य कहते हैं कि `यह बात भी नहीं है' अर्थात् `पुण्यका कारण होनेसे धन प्रशंसनीय है,' यह जो तुमने कहा था, सो वैसा ख्याल कर धन कमाना उचित नहीं, यह पहिले ही बताया जा चुका है। `भोग और उपभोगके लिये धन साधन है,' वह जो तुम कह रहे हो। सो भी बात नहीं है, यदि कहो क्यों? तो उसके लिये कहते हैं :-

आरम्भे तापकान्प्राप्तावऽतृप्तिप्रतिपादकान्।
अन्ते सुदुस्त्यजान्, कामान् कामं कः सेवते सुधीः।।१७।।

अर्थ :- आरम्मभें सन्तापके कारण और प्राप्त होनेपर अतृप्तिके करनेवाले तथा अन्तमें जो बड़ी मुश्किलोंसे भी छोड़े नहीं जा सकते, ऐसे भोगोपभोगोंको कौन विद्वान-समझदार-ज्यादती व आसक्तिके साथ सेवन करेगा?

विषदार्थ :- भोगोपभोग कमाये जानेके समय, शरीर इंद्रिय और मनको क्लेश पहुँचानेका कारण होते हैं। यह सभी जन जानते हैं कि गेहूँ, चना, जौ आदि अन्नादिक भोग्य द्रव्योंके पैदा करनेके लिये खेती करनेमें एड़ीसे चोटीतक पसीना बहाना आदि दुःसह क्लेश हुआ करते हैं। कदाचित् यह कहो कि भोगे जा रहे भोगोपभोग तो सुखके कारण होते हैं! इसके लिये यह कहना है कि इन्द्रियोंके द्वारा सम्बन्ध होनेपर वे अतृप्ति यानी बढ़ी हुई तृष्णाके कारण होते हैं, जैसा कि कहा गया है :- `अपि संकल्पिताः कामाः०'

`ज्यों ज्यों संकल्पित किये हुए भोगोपभोग, प्राप्त होते जाते हैं, त्यों त्यों मनुष्योंकी तृष्णा बढ़ती हुई सारे लोकमें फैलती जाती है। मनुष्य चाहता है, कि अमुक मिले। उसके मिल जानेपर आगे बढ़ता है, कि अमुक और मिल जाय। उसके भी मिल जानेपर मनुष्यकी तृष्णा विश्वके समस्त ही पदार्थोंको चाहने लग जाती है कि वे सब ही मुझे मिल जायँ। परंतु यदि यथेष्ट भोगोपभोगोंको भोगकर तृप्त हो जाय तब तो तृष्णारूपी सन्ताप ठण्डा पड़ जायगा! इसलिये वे सेवन करने योग्य हैं। आचार्य कहते

हैं कि वे भोग लेनेपर अन्तमें छोड़े नहीं जा सकते, अर्थात् उनके खूब भोग लेनेपर भी मनकी आसक्ति नहीं हटती,' जैसा कि कहा भी है -

`दहनस्तृणकाष्ठसंचयैरपि०'

`यद्यपि अग्नि, घास, लकड़ी आदिके ढेरसे तृप्त हो जाय। समुद्र, सैंकड़ों नदियोंसे तृप्त हो जाय, परंतु वह पुरुष इच्छित सुखोंसे कभी भी तृप्त नहीं होता। अहो! कर्मोंकी कोई ऐसी ही सामर्थ्य या जबर्दस्ती है।' और भी कहा है :- `किमपीदं विषयमयं०'

`अहो! यह विषयमयी विष कैसा गजबका विष है कि जिसे जबर्दस्ती खाकर यह मनुष्य, भव भवमें नहीं चेत पाता है।'

इस तरह आरम्भ, मध्य और अन्तमें क्लेश-तृष्णा एवं आसक्तिके कारणभूत इन भोगोपभोगोंको कौन बुद्धिमान् इंद्रियरूपी नलियोंसे अनुभवन करेगा? कोई भी नहीं।

यहाँपर शिष्य शंका करता है कि तत्त्वज्ञानियोंने भोगोंको न भोगा हो यह बात सुननेमें नहीं आती है। अर्थात् बड़े बड़े तत्त्वज्ञानियोंने भी भोगोंको भोगा है, यही प्रसिद्ध है। तब `भोगोंको कौन बुद्धिमान्-तत्त्वज्ञानी सेवन करेगा?' यह उपदेश कैसे मान्य किया जाय? इस बातपर कैसे श्रद्धान किया जाय? आचार्य जवाब देते हैं - कि हमने उपर्युक्त कथनके साथ `कामं अत्यर्थं०' आसक्तिके साथ रुचिपूर्वक यह भी विशेषण लगाया है। तात्पर्य यह है कि चारित्रमोहके उदयसे भोगोंको छोड़नेके लिये असमर्थ होते हुए भी तत्त्वज्ञानी पुरुष भोगोंको त्याज्य-छोडने योग्य समझते हुए ही सेवन करते हैं। और जिसका मोहोदय मंद पड़ गया है, वह ज्ञान-वैराग्यकी भावनासे इन्द्रियोंको रोककर इन्द्रियोंको वशमें कर शीघ्र ही अपने (आत्म) कार्य करने के लिये कटिबद्ध-तैयार हो जाता है-जैसा कि कहा गया है- `इदं फलमियं क्रिया०'

`यह फल है, यह क्रिया है, यह करण है, यह क्रम-सिलसिला है, यह खर्च है, यह आनुषंगिक (ऊपरी) फल है, यह मेरी अवस्था है, यह मित्र है, यह शत्रु है, यह देश है, यह काल है, इन सब बातोंपर ख्याल देते हुए बुद्धिमान् पुरुष प्रयत्न किया करता है। मूर्ख ऐसा नहीं करता।' ।।१७।।

दोहा - भोगार्जन दुःखद महा, भोगत तृष्णा बाढ़।
अंत त्यजत गुरु कष्ट हो, को बुध भोगत गाढ़।।१७।।

---

**'ઉત્થાનિકા :– फिर शिष्य कहता है कि भगवन्! धनके कमानेमें यदि ज्यादातर पाप होता है,'** પૈસા કમાવામાં પાપ તો ઘણું થાય છે વાત તો સાચી છે તમારી. કહો, બરાબર હશે? સીધુ કમાય તોપણ પાપ તો પાપ જ છે ત્યાં. **'और दुःखका कारण होनेसे धन निंद्य है,'** મહારાજ! એ લક્ષ્મી કમાવી એ તો જ્યાદાતર તો પાપ હી હોતા હૈ. ઘણું તો પાપ

જ થાય છે. અને દુઃખનું કારણ હોવાથી પૈસા તો નિંદ્ય છે, નિંદાયેલા છે, પૈસા, લક્ષ્મી તો નિંદવા યોગ્ય જ છે. **'તો ધનકે વિના ભોગ ઔર ઉપભોગ ભી નહીં હો સકતે,'** પણ એક વાત છે, કહે છે. બેય રીતે કહો પણ ધન વિના ભોગ-ઉપભોગ મળે એવું છે? એય...! પૈસા ન હોય તો મકાન શી રીતે કરવા? આ દાળ, ભાત, રોટલી શી રીતે ખાવી, ચા હંમેશા જોઈએ, દૂધ ઉકાળા જોવે, શિયાળામાં પાક જોવે, ઉનાળામાં મલમલ લુગડા જોવે, ચોમાસામાં ગરમ કપડા જોવે. ઇ કાઢવા ક્યાંથી? એમ શિષ્ય પૂછે છે. મહારાજ! લક્ષ્મી નિંદ્ય છે અને દુઃખનું કારણ છે ઇ વાત પણ સાચી છે પણ ધન વિના ભોગ-ઉપભોગ એકવાર ભોગવાય એવી ચીજ–દાળ, ભાત, શાક. વારંવાર ભોગવાય એવી ચીજ–કપડા, મકાન ને સ્ત્રી, એ બધા પૈસા વિના કાંઈ મળતા હશે? વેચાતા ક્યાંય પૈસા વિના મફત મળે છે?

**'ઇસલિયે ઉનકે લિયે ધન હોના હી ચાહિયે,...'** એને માટે તો લક્ષ્મી (જોઈએ). ભોગ-ઉપભોગ માટે તો લક્ષ્મી જોઈએ ને! બીજું તો એકકોર (રહો). અમારે પુણ્ય-દાનને માટે નહિ (જોઈએ), લ્યો! જાવ કહે છે. સમજાણું? દાન કરશું ને પૂજા કરશું ને એને માટે કમાવું એ તો પાપ છે, એ તો બરાબર છે, એને માટે કાંઈ લક્ષ્મી જોતી નથી. પણ આ ખાવા, પીવાની જરૂર પડે, વારંવાર ભોગવવાની (જરૂર પડે), ઇ ચીજ ભોગ-ઉપભોગમાં એને માટે લક્ષ્મી જોઈએ એનું શું કરવું ? એને માટે ધન હોવું જોઈએ કે નહિ? **'ઔર ઇસ તરહ ધન પ્રશંસનીય માના જાના ચાહિયે.'** ભોગ-ઉપભોગમાં કામ આવે એ અપેક્ષાએ તો લક્ષ્મી ઠીક કહો, ઠીક છે એમ તો કહો. ભારે માંડી છે, હોં!

**'ઇસ વિષયમેં આચાર્ય કહતે હૈં કિ 'યહ બાત ભી નહીં હૈ''** સાંભળ! **'અર્થાત્ 'પુણ્યકા કારણ હોનેસે ધન પ્રશંસનીય હૈ,' યહ જો તુમને કહા થા, સો વૈસા ખ્યાલ કર ધન કમાના ઉચિત નહીં, યહ પહિલે હી બતાયા જા ચુકા હૈ.'** કહ્યું? પુણ્ય કરશું એને માટે રળવું, કમાવું ને ધન ભેગું કરવું એનો તો પહેલો તને નિષેધ કર્યો. **''ભોગ ઔર ઉપભોગકે લિયે ધન સાધન હૈ,' યહ જો તુમ કહ રહે હો, સો ભી બાત નહીં હૈ,'** એક વાત ... બરાબર છે અહીંયાં? કપડા પહેરવા જોઈવે, ખાવા-પીવા જોઈએ, સગવડતા નોકરની જોઈએ, વૃધ્ધાવસ્થા થાય, બે માણસ હોય તો કામ કરે. એ સાધન માટે તો પૈસાની જરૂર છે કે નહિ? બીજી તો એકકોર રહી હવે, લ્યો! **'યદિ કહો ક્યોં? તો ઉસકે લિયે કહતે હૈં.'** એ પણ તારા ધનને ભેગા કરવાની જરૂર નથી. કારણ કે ભોગ ને ઉપભોગમાં દુઃખ જ છે, સુખ નથી એમ કહે છે.

**आरम्भे तापकान्प्राप्तावऽतृप्तिप्रतिपादकान्।**
**अन्ते सुदुस्त्यजान्, कामान् कामं कः सेवते सुधीः।।१७।।**

કહે છે કે **'અર્થ :– આરમ્ભમેં સન્તાપકે કારણ...'** સમજાય છે? શું? ભોગ ને ઉપભોગ. જે ચીજ તું ભોગવવા માંગે છો ને જે વારંવાર ભોગવાય ઇ ચીજ શરૂઆતમાં જ આરંભ

અને પાપનું કારણ છે. આતાપ... આતાપ... આતાપ... સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા. એમાં ન્યાં પહેલા આતાપ છે, આતાપ છે, આકૂળતા છે એમ કહે છે. પહેલી શરૂઆતમાં. **'ઔર પ્રાપ્ત હોનેપર અતૃપ્તિકે કરનેવાલે...'** મળ્યું પછી તૃપ્તિ થાતી નથી. પૈસાની, ભોગની, આબરૂની, મકાનની સમજ્યા? ચાલી જ જાય છે તૃષ્ણા. ભોગ સુખમાં તૃપ્તિ ક્યાં છે ત્યાં? ધૂળ પણ નથી. તૃપ્તિ તો આત્મામાં છે, ઇ શાંતિને તું જોતો નથી. આત્મામાં શાંતિ છે, તૃપ્તિ છે. એ ભગવાનઆત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. જેની દૃષ્ટિ કર્યે જેને તૃપ્તિ થાય એવું છે. બહાર ભોગ-ઉપભોગમાં તૃપ્તિ નથી. લાકડામાં અગ્નિ, અગ્નિમાં લાકડા જેટલા નાંખતા જાવ એટલી અગ્નિ વધે જ જાય. ભભકે, અગ્નિ ભભકે ઓલાય નહિ. જેટલા ભોગ-ઉપભોગ કરતો જાય એમ આતાપ ભભકતી જાય, તૃષ્ણા અને કષાય વધતો જાય. સંતોષ નહિ થાય તને એમ કહે છે. આટલા ભોગ ભોગવીએ, લ્યો! આટલું ખાઈ લઈએ પછી આપણને (શાંતિ થાય). ધૂળ પણ નહિ થાય. અતૃપ્તિના કરવાવાળા. જુવાન અવસ્થા થાય, વૃદ્ધાવસ્થા થાય તો ભોગથી તૃપ્તિ કરતો નથી. હવે બંધ કરો, ખાવું, પીવું ને બધી તૃષ્ણા ઓછી કરો.

શરૂઆતમાં સંતાપ, વચમાં અતૃપ્તિનું કારણ **'અન્તમેં જો બડી મુશ્કિલોંસે ભી છોડે નહીં જા સકતે,'** સમજાય છે? ઇ છુટે, છુટવું ને એનાથી પાછું ખસવું મહા મુશ્કેલ છે. ભોગની તૃષ્ણા ચોટી કાંટાની પેઠે આકરી છે. છોડી નહિ જાય, છુટતા એને છોડવું એને ઘટાડવું મહા મુશ્કેલ છે. દારૂડીના કાંટા જેવું. દાખલો નથી આપ્યો એમાં. દારૂડીના કાંટા એવા જીણા હોય. **'ઐસે ભોગોપભોગોંકો કૌન વિદ્વાન્-સમઝદાર-જ્યાદતી વ આસક્તિકે સાથ સેવન કરેગા?'** સમજ્યા? આસક્તિ સાથે સેવન કરવા લાયક છે એવું ડાહ્યો માણસ કેમ માને? ભોગ-ઉપભોગમાં તો પાપ છે, અતૃપ્તિ છે, આતાપ છે, આકામ છે, તૃષ્ણા છે એમાં ક્યાંય સુખ નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ? પુણ્ય કરવા માટે કમાવું નહિ ને આ ભોગ-ઉપભોગ માટે પણ કમાવું નહિ. કહે છે કે, એ ભોગ-ઉપભોગમાં દુઃખ છે એમ કહે છે.

મુમુક્ષુ :–

ઉત્તર :– કામ આવ્યો, પેલામાં ભોગ-ઉપભોગમાં સુખ નથી. દૃષ્ટિ કર આત્મામાં. પુણ્ય કમાવાથી પછી પુણ્ય થાશે એમાં લાભ નથી. કર આત્મામાં એમ અહીં કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– પેટ ભરવા પૂરતું...

ઉત્તર :– પેટ ભરવા નહિ આખી સામગ્રી ભોગ-ઉપભોગની જોઈએ એનું શું કરવું? ન્યાં ધૂળમાં પણ સુખ નથી, કહે છે, સાંભળ ને! શરૂઆતમાં આતાપ, મધ્યામાં અતૃપ્તિ, અંતે છોડવું મુશ્કેલ પડે. ઘટવું, ઘટાડવું આહાહા..! માથા ફરી જાય. પાંચ-પાંચ લાખ, દસ

લાખ, પચાસ લાખ થયા હોય અને પછી હવે, હવે સંતોષ કર, હવે સંતોષ કર, ઘટાડી દે, હવે ઘટાડી દે. હાય..હાય.. બીજાનું વધે ને અમારું કેમ ઘટે? બીજાનું વધી જાય ને અમારું ઘટે તો મરી જઈએ નહિતર અમે. ઓહો..! ભારે! મૂઢે મારી નાંખ્યા, કહે છે. મૂઢની માન્યતાએ મારી નાંખ્યા છે એને. ભોગ-ઉપભોગમાં પણ આતાપ છે એનું એને ભાન નથી. આહાહા..!

સુખી છીએ અમે. બાયડી, છોકરા, કુટુંબ, મકાન, પૈસા, બૈસા (બધું છે). ધૂળ છે સાંભળને હવે. એના તરફનું લક્ષ કરવું એ જ આતાપ છે. એના ભોગમાં કોઈ દિ' તૃપ્તિ ન થાય. અને સ્ત્રી કાંટાળ એ લાળ છોડ્યે છુટી નહિ શકે. ઠેઠ સુધી ગૃદ્ધિ રહ્યા કરશે, એની ભોગ-ઉપભોગની ગૃદ્ધિ. આત્મામાં શાંતિ છે એની દૃષ્ટિ કર્યા વિના કોઈ તારો ઉપાય શાંતિનો નથી. કહો, સમજાણું આમાં? **'સમઝદાર-જ્યાદતી વ આસક્તિકે સાથ સેવન નહિ કરતાં.'**

**'વિશદાર્થ :– ભોગોપભોગ કમાયે જાનેકે સમય, શરીર ઇન્દ્રિય ઔર મનકો ક્લેશ પહુંચાનેકા કારણ હોતે હૈં.'** જુઓ! એ રળવામાં ને એ બેઠો હોય, આખો દિ' શરીરને પરસેવા ઉતરે, મેલ થાય, ખાવા-પીવાની જોગ ન હોય, ખાવા-પીવાના ક્યારે મળે, એ રળવા બેઠો હોય તો પડ્યો હોય દુઃખી. **'ભોગોપભોગ કમાયે જાનેકે સમય, શરીર ઇન્દ્રિય ઔર મનકો ક્લેશ...'** પહોંચે છે. જુઓ! ઇન્દ્રિયો આમ સુકી થઈ જાય, કાળામશ શરીર થઈ જાય, મેલા થઈ જાય અંદર આખો દિ' ખાતા ન હોય, કુમળા શરીર હોય પણ બેસવું પડે ત્યાં દુકાન ઉપર. ઘરાક સારું આવ્યું હોય એને સાચવવા માટે. આવા દુઃખ છે, બાપા! બધું દુઃખ જ છે, હોળી છે ન્યાં.

મુમુક્ષુ :– પણ પૈસા તો મળે.

ઉત્તર :– ઇ જ કહે છે એને કમાવા માટે આ બધું દુઃખ થાય છે, વર્તમાન જ દુઃખ છે કહે છે. પછી તો દુઃખ થાશે તો પછી ભોગ-ઉપભોગમાં પણ દુઃખ છે. ન્યાં ક્યાં સુખ છે? એમ અહીં તો કહે છે.

**'શરીર ઇન્દ્રિય ઔર મનકો ક્લેશ પહુંચાનેકા કારણ હોતે હૈં.'** એ તો ક્લેશ છે. કમાવું પણ ભોગ ભોગમાં કમાવા માટે ક્લેશ... ક્લેશ..., આકુળતા... આકુળતા... આકુળતા... **'યહ સભી જન જાનતે હૈં કિ ગેહૂં, ચના, જૌ આદિ અન્નાદિક ભોગ્ય દ્રવ્યોંકે પૈદા કરનેકે લિયે ખેતી કરનેમેં એડીસે ચોટીતક પસીના બહાના આદિ...'** લ્યો! શું કહે છે? **'યહ સભી જન જાનતે હૈં...'** આ ઘઉં, ચણા, જવ આ ખેતીમાં વાવે છે, કેટલી મહેનત કરવી પડે છે લોકોને બિચારાને! ઇ કહે છે, જુઓ!

**'એડીસે ચોટીતક પસીના બહાના પડતા હૈ.'** એકલા કપડા છોડી દીધા હોય, ચૈત્ર મહિનાના (તડકા) હોય, ઇ વાવે ને ઇ લણે ને આહાહા..! એવી ગરમી હોય, એવી ગરમી. વાણિયો હોય તોપણ ત્યાં બેસવું પડે દુકાન ઉપર. અરે..! પણ આ કપડું સંઘરતું નથી. પણ આ બધા ધંધા, આમાં ઉઘાડે શી રીતે બેસવું? બધી બાયડી આવી છે. એવું દુઃખ

સહન કરીને પણ કમાવા બેસે. હોળી સળગે છે ન્યાં, તને દુઃખની (હોળી) છે, જો તો ખરો.

મુમુક્ષુ :– કરવું શું? એનો ઉપાય શું?

ઉત્તર :– એનો ઉપાય આત્માની દૃષ્ટિ કર, બીજા પુણ્ય-પાપની તૃષ્ણા ને રુચિ છોડ, ભોગ-ઉપભોગની રુચિ છોડ, કમાવાની રુચિ છોડ, આત્માની દૃષ્ટિ કર. તને શાંતિ ઇ સિવાય ત્રણકાળમાં (થશે નહિ). આહાહા..! ઇ માટે તો આ ઉપદેશ કરે છે. સમજાણું?

**'અન્નાદિક ભોગ્ય દ્રવ્યોંકે પૈદા કરનેકે લિયે...'** એક મકાન કરવું હોય તો જુઓને કેટલી ખબર પડે છે? કેમ 'ચીમનભાઈ'? કેમ મોઢું કાળુ થઈ ગયુ હતું, લ્યો! તડકે ઉભા રહેવું પડે, ન્યાં કાંઈ માથે છત્રી લઈને ઉભા રહેવાય? એ 'મોહનભાઈ'! મકાન કરવા હોય ન્યાં ઉભા રહેવું પડે. એ ક્યાંક પછી આમ જાય, આમ જોવું પડે, આમ જોવું જાણે કો'ક વળી આમ કહી જાશે, કો'ક આમ લઈ જશે અથવા અહીં ક્યાંય બેઠો હશે. પેલી કોર ભીંતથી ઓથે બેસી રહેતો હશે, કામ નહિ કરતો હોય. અડધો કલાક ન્યાં જવું પડે. આમ થી આમ... એય..! એમાં અત્યારની આ બધી બદલી ગઈ છે. આહાહા..! દાડીયા ને કડીયા ને... ઇ તો જરીક નવરાશ મળે એટલે બેઠા જ હોય. એ વળી શેઠ આવે તો વળી ઉભા થઈને શરૂ કરે. એય..! કહે છે કે, ન્યાં પણ ચિંતા છે, બાપા! ઇ મકાન ચણાવવામાં ચિંતા (છે). ભોગ્ય–ઇ મકાન ભોગનું સ્થાન છે ને? કપડા બનાવવામાં.

મુમુક્ષુ :– વાંહેથી (પાછળથી) સુખ છે.

ઉત્તર :– એ ધૂળમાં વાંહે (પાછળથી) (સુખ) નથી, ઇ કહે છે. પહેલું દુઃખ છે, વાંહેથી (પાછળથી) દુઃખ છે, એમ અહીં કહે છે. ઇ તો બતાવે છે દુઃખ છે. આત્મામાં આનંદ છે, ભાઈ! આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ (છે) એની દૃષ્ટિ કર ને એનું જ્ઞાન કર એમાં આનંદ છે. એમાં ધર્મ છે એ સિવાય ક્યાંય આનંદ ને સુખ છે નહિ. મરી જાય, સુકાઈ જાય તો કાંઈ છે નહિ, એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :– ... ઘરના ઘરમાં નહિ હોય ને?

ઉત્તર :– ન્યાંય પછી હોળી છે. ઇ તો પહેલી કહી ગયા. ખાવા, પીવા વખતે પહેલી તૃષ્ણા, અતૃપ્તિ ને છેલ્લે છોડવું મુશ્કેલ–ત્રણ તો બોલ કહી ગયા. પછીની વાત, આ તો પહેલાની વાત કરી, પેલી પછીની વાત કરી. સમજાણું કાંઈ? 'પૂજ્યપાદસ્વામી'એ જગતના બધા પડખા જોઈને (વાત કરી છે).

મુમુક્ષુ :– ..

ઉત્તર :– નહિ, એમાં છે ને! આ બધું ભરેલું છે. **'અન્નાદિક ભોગ્ય દ્રવ્યોંકે પૈદા કરનેકે લિયે ખેતી કરનેમેં...'** ખેતી કરનેમેં, દુકાને બેસવા વગેરેમાં, એને સાચવવામાં **'એડીસે ચોટી તક પસીના બહાના...'** કેટલું કર્યું છે આ તમારા બાપે? અત્યાર સુધી મજુરી કરી છે કે નહિ બધી? ઉઘાડા શરીર ને આ ને આ ને... મજૂરી કરી તોપણ પૈસા ભેગા થયા નહિ

કાંઈ. તમારી વાત કરીએ 'વાસુદેવ'ની. કીધું, અત્યાર સુધી ઘણી મહેનતું કરી પાપની, પાપ માટે, રળવા માટે, આ ભેગું કરવા માટે બહુ કર્યું પણ થયું નહિ કાંઈ. ઇ અહીં કહે છે. પાપ, પાપ ને પાપ. રળવું પાપ, છોકરા માટે પાપ, બાયડી માટે પાપ, પૈસા ભેગા કરું, આબરૂ માટે પાપ ને પાપ કર્યા. કહે છે. ધર્મ તો ન કર્યો પણ પુણ્ય પણ ન કર્યું એમ કહે છે. આહાહા..! એકે એક વાત લીધી છે, હોં!

મુમુક્ષુ :– સ્વર્ગમાં જાય તો?

ઉત્તર :– ના, ના નરકમાં જાય. ઇ કહેશે. આ તો એમ કે પૈસા પણ ન થયા ને નવા પાપ બાંધ્યા. પેલાને તો પાપથી પૈસા થયા એટલું તો ઇ માને છે, એમ. એય..! 'વાસુદેવ'! કાઢ્યું કે નહિ? પેલાએ તો પાપ કર્યા, પૈસા તો પુણ્યને લઈને થયા પણ અહીં તો પાપ કર્યા ને પૈસા પણ ન થયા ને સુગતિ ન થઈ, કાંઈ ન થયું. એય..! ઇ અહીં કહે છે.

'પૂજ્યપાદસ્વામી' આમાં કહે છે કે, શરૂઆત રળવામાં પાપ, ભોગવવામાં પાપ. બધે દુઃખ દુઃખ ને દુઃખ છે. **'અન્નાદિક ભોગ્ય દ્રવ્યોંકે...'** લક્ષ્મી અને અન્ન, મકાન આ પરણવું હોય તો ગરીબ માણસને કેટલી મહેનત કરવી પડે જોયું? એક બાયડી માટે કેટલા... સમજ્યા ને? એમ કાંઈક બોલે છે, ભાષા કાંઈક બોલે છે. કેટલું કરે! એવી બધી કાંઈક ભાષા છે. એક લાવવી હોય તો આમ કેટલું બધું ખોવું પડે. એવી ભાષા છે કાંઈક, સાંભળી હશે, મગજમાં અત્યારે યાદ રહી ગઈ. 'એક આવે વહુ, તો વેચાય સહુ' એવું કહે છે, લ્યો! હવે વળી યાદ આવ્યું. અને આ તો સાંભળેલું હોય ને પૂર્વે, કો'ક ઘણા વર્ષની વાત હોય. આ તો પચાસ-સાંઈઠ વર્ષ પહેલા સાંભળેલી હશે પણ એ વાત મગજમાં આવી ગઈ. એમ બોલતા પહેલા, હોં! 'એક આવે વહુ, તો વેચાય સહુ' એમ કહેતા. હા, હા કહેતા હોં! આ તો સાંભળી વાત છે. ઇ યાદ નહોતું આવતું પણ યાદ કરાવી દીધી. એક વહુ માટે તો કેટલી તરફડ મારે, કેટલાની સફારશ કરે, આમ ભાઈ! અમારે એક છોકરો સારો છે, હોં! આમ છે, તેમ છે, ફલાણું છે, ઢીકણું છે. આહાહા..! એમાં પગમાં કે શરીરમાં કાંઈક ખોડખાપણ હોય અને એને વરાવવો હોય...

મુમુક્ષુ :– સારા ઘરની વહુ તો પચાસ પચાસ હજાર લાવે.

ઉત્તર :– ઇ લાવે તો પણ દુઃખદાયક છે, ઇ કહે છે પાપ છે.

મુમુક્ષુ :– પહેલા વેંચાતા, હવે તો..

ઉત્તર :– ઇ અત્યારે એમ ઘણાને છે બિચારાને. એક વહુ માટે તો આખી મુશ્કેલી પડે. અમે તો બધા દાખલા કેટલા તમને આપીએ? અહીં તો બધું જોયું છે ને! એક બાયડી માટે બિચારા ગરીબ માણસ હોય સાધારણ, અરે..! રીતસર ઠીક હોય. પચાસ પચાસ હજારની, લાખની મૂડી હોય, શરીરમાં કાંઈક સાધારણ હોય ને કો'કને ખબર પડી ગઈ હોય, હવે કરવું શું? ગુપ્ત ગુપ્ત થઈ જાય તો વાંધો નહિ.

**'એડીસે ચોટીતક પસીના બહાના પડતા હૈ...'** દીકરી લાવવા, કન્યા લાવવા એમ કહે છે. દુકાનમાં તો નવરા હતા ને! ધંધો-બંધો આપણે ઘરનો, આપણે બધું જાણેલું. 'મગનભાઈ'! દુકાન ઘરની હતી, અમારા પિતાજી હતા અને ઘરની દુકાન એટલે અમારે કામ કાંઈ એવા નહિ, બધું જોઈએ, ઘણાનું જોયેલું. આહાહા..! ભારે ભાઈ! દાખલો આપ્યો, હોં!

**'દુઃસહ ક્લેશ હુઆ કરતે હૈં.'** લ્યો! અરે..! પૈસાવાળાને એક કન્યા વરાવવી હોય તો કેટલું થાય વિચારો તો ખરા, પુછો તો ખરા ખબર પડે. એમાં કાંઈક કાળી હોય, સહેજ નમણી ન હોય અને એને અત્યારના છોકરા પાસે વરાવવી, અરે..! પરસેવા ઉતરી જાય. એય..! અમને ખબર છે કે નહિ બધી? જરીક કાળી હોય ને જરીક શરીરમાં ફેર હોય, કાં તો બહુ લાંબી હોય, કાં બહુ ઢીંચકી હોય, એને વરાવવી અને એ છોકરા અત્યારના પાસ કરે, મરી જવું પડે બિચારાને. સફારશ કરે, 'રામજીભાઈ' પાસે જાય, ઢીકણા પાસે જાય, અમારી કોઈને સફારશ કરો. કેમ 'ભગવાનભાઈ' એમ થાય છે કે નહિ? હા. હા હા પણ અમને તો બધી ખબર છે ને. એકે એકની વાતું ખબર છે. જ્યાં ડગલા કોના ભરે છે, કઈ રીતે (ભરે છે), બધાની ખબર છે.

અહીં તો કહે છે કે, એ ભોગની અનુકૂળતા... એ કન્યા છે એને પરણાવવામાં અનુકૂળ લેવા જાય ત્યાં આમ ચોટી તક પરસેવા ઉતરતા હોય ખાવું ભાવે નહિ. સમજાણું? આહા..! એક તો રબારીને છોકરો નાનો, હજી તો બે વર્ષનો થયો, બે વર્ષનો, ત્યાં એની માને ચિંતા. અત્યારથી જો સગપણ નહિ આવે તો મોટી ઉંમરે મુશ્કેલ પડશે. સમજાણું કાંઈ ? એય..! અમારે 'હિંમતભાઈ'ને ખબર છે ઇ. હજી તો બે વર્ષનો થયો નથી. સમજ્યા ને? અત્યારથી નહિ વેવિશાળ નહિ થાય, સગપણ ક્યાંક કરી દઈએ... શું કહેવાય? ... એમ કહે ને? શું કહેવાય? નોંધી દ્યો, બીજી ભાષા કહે છે. ચોપડ્યો હોય તો કાંઈ કામ આવશે ક્યાંક. કાંઈક કહે છે ખરા, પણ એ ભાષા યાદ નથી. ખરડ્યો હશે, સગપણમાં ખરડ્યો હશે તો કાંઈક (થશે). પછી મોટી ઉંમરે એ લોકોને બહુ મુશ્કેલ પડે છે. પંદર-વીસ વર્ષનો થાય પછી ભારે મુશ્કેલ. એ બધા માથા સુધી દુઃખ છે, કહે છે. ભોગ મેળવવામાં જાય ત્યાં ભોગને માટે શરૂઆતમાં આવા દુઃખ ભોગવે. માટે મુક હોળી. ભોગમાં સુખ નથી, પૈસામાં સુખી નથી. સુખ છે આત્મામાં લે. એ આત્મામાં આનંદ છે ત્યાં શ્રદ્ધા ને જ્ઞાન કર એ કરવા જેવું છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)